બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

કુલ ગુણ - ૧૦૦

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**

**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

### ☞ અગત્યની સૂચના ☜

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ [ ] ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, ચોવીસમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૦)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''મારાં હાડકાં ભાંગી ગયાં...મારી ભૂલ થઈ, મને માફ કરો.''

➪ માછીમાર - ઘનશ્યામને (૧૩/૨૧)

➪ ઘનશ્યામે માછીમારને યમપુરી અને નરકનાં દુઃખો દેખાડ્યાં, દૂતો આગળ મેથીપાક ખવડાવ્યો. માર ખાઈ ખાઈને હાડકાં ખોખરાં થઈ ગયાં ત્યારે માછીમાર ઘનશ્યામને કહે છે.

૨. ''લોકોને અવળો ઉપદેશ દીધો છે.'' (૩૧/૫૬)

➪ યમના દૂતો - બાવાને (મોહનદાસને)

➪ બાવાએ ઘનશ્યામને તાડૂકીને કહ્યું : 'છોકરા ! મને ઉપદેશ આપે છે ? શરમાતો નથી ?' ત્યારે ઘનશ્યામે તેની સામે દૃષ્ટિ કરતાં તેને સમાધિ થાય છે. યમપુરીમાં યમના દૂતો બાવાને મારતાં મારતાં કહે છે.

૩. ''હવે અમે છપૈયા બાળપ્રભુને લેવા નહિ જઈએ.'' (૨/૪)

➪ કૃત્યાઓ - કાલિદત્તને

➪ હનુમાનજીનો માર ખાઈને ભાગેલી કૃત્યાઓએ કાલિદત્ત પાસે પહોંચીને બધી વાત કરતાં કહે છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. મુમુક્ષુઓને જોવા ઘનશ્યામ કયા વૃક્ષ પર ચઢ્યા અને કઈ દિશામાં જોયું ? (૧૮/૨૮)

જ. મુમુક્ષુઓને જોવા ઘનશ્યામ પીપળાના વૃક્ષ પર ચઢ્યા અને પશ્ચિમ દિશામાં જોયું.

૨. છપૈયા ગામના ધણી કોણ હતા ? (૨૯/૫૦)

જ. છપૈયા ગામના ધણી મોતીભાઈ તરવાડી હતા.

૩. માર્કંડેય મુનિએ આગાહી કરેલાં ઘનશ્યામનાં નામ લખો. (૪/૭)

જ. માર્કંડેય મુનિએ 'હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠના નામની આગાહી કરી હતી.

૪. ઘનશ્યામે મહાવતને બચાવ્યો ત્યારે મહાવતે શી પ્રતિજ્ઞા કરી ? (૨૬/૪૬)

જ. હવેથી હું ખોરાકની ચોરી નહિ કરું.

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧. ઘનશ્યામનો જન્મ :** સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમીનો દિવસ અને રાતના દસ વાગ્યાનો સમય છે. (૧/૧)

**૨. નિત્યક્રમ :** નવ વાગે એટલે અયોધ્યામાં દરેક મંદિરે દર્શન કરી આવે. જ્યાં રામાયણની સારી કથા થતી હોય, ત્યાં જઈને બેસે. ધ્યાનપૂર્વક કથા સાંભળે. (૪૨/૭૫)

**૩. કંદોઈને પરચો :** ઘનશ્યામનો તો એવો સ્વભાવ હતો કે ભૂખ લાગી હોય તો પણ કોઈ દિવસ કાંઈ ન બોલે. (૨૨/૩૫)

**૪. ટાઢે પાણીએ બળિયા ગયા :** ભક્તિમાતાને ઘનશ્યામના વચનમાં વિશ્વાસ આવ્યો. તેઓ ઘનશ્યામને કૂવાને કાંઠે લઈ ગયા. (૧૨/૧૯)

**પ્ર.૪ નીચેના આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ :-આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. રામદત્તને કેરી ચખાડી (૧૭/૨૫-૨૭)**

૧. સરોવરના પાણીમાં ખૂબ રમ્યા, નાહ્યા, તેથી ભૂખ્યા થયેલા બાળમિત્રોને લઈને ઘનશ્યામ આંબાવાડીમાં જઈને મોટા આંબા પર ચડી પાકી પાકી કેરીઓ નીચે નાખે અને વેણી, માધવ અને પ્રાગ ફાળિયામાં કેરીઓ ભેગી કરવા લાગ્યા.

૨. રામદત્ત નામનો બ્રાહ્મણ ટોળા સાથે ત્યાંથી નીકળતાં બીજા બ્રાહ્મણોને બધી કેરીઓ ઉપાડી લેવાનું કહેતાં વેણીએ ના પાડી.

૩. કેરીઓ લેવા નીચે વળેલા રામદત્તના ખભા ઉપરથી ઘનશ્યામ દોરી લોટો લઈ ઝાડ પર ઊંચે પહોંચી જતાં રામદત્ત પણ ઝાડ પર ચડ્યો પણ ઘનશ્યામ હાથમાં ન આવતાં બધા બ્રાહ્મણોને ઝાડ પર બોલાવ્યા.

૪. ત્યાં તો ઘનશ્યામ નીચે ઊતરી દોરી લોટો બતાવી રામદત્તને ખીજવતાં, મિત્રોને કહ્યું કોઈ બ્રાહ્મણને નીચે ઊતરવા ના દેતાં કાંકરા મારો.

૫. બ્રાહ્મણોને પોતાની ભૂલ સમજાતાં ઘનશ્યામને વિનંતી કરી માફી માંગતાં ઘનશ્યામે માફી આપી દોરી-લોટો પાછાં આપ્યા.

**૨. વાળંદને ચમત્કાર (૧૦/૧૫-૧૬)**

૧. ધર્મપિતાએ ઘનશ્યામનાં વાળ ઉતરાવવા અમઈ વાળંદને બોલાવ્યો.

૨. અમઈ અસ્ત્રો કાઢીને ઘનશ્યામના વાળ ઉતારવા લાગ્યો.

૩. અડધી હજામતે ઘનશ્યામ અદૃશ્ય થઈ ગયા.

૪. વાળંદને ફરીથી ઘનશ્યામ દેખાયા.

૫. તેણે નક્કી કર્યું કે આ બાળક ભગવાન છે.

**૩. ખાંપો વાગ્યો (૨૩/૩૭-૩૯)**

૧. તરગામથી થોડે દૂર વનમાં તળાવડીએ ઘનશ્યામ બાળસખા સાથે રમવા જતા.

૨. આંબલીના ઝાડ પરથી નીચે ઊતરતાં ઘનશ્યામને જમણા પગની સાથળમાં ખાંપો વાગ્યો.

૩. ઈન્દ્રે અશ્વિનીકુમારને બોલાવતાં તેઓએ આવીને ઘનશ્યામને પાટો બાંધ્યો.

૪. પાટો બાંધેલો જોઈ રામપ્રતાપભાઈ રાજી થયા અને સુવાસિની ભાભીએ ક્યાં વાગ્યું છે તે જોવા પાટો ખોલતાં ફક્ત ઘા ની નિશાની જ જોવા મળી.

૫. ત્યારથી તે તળાવડીનું નામ 'ખાંપા તળાવડી' પડ્યું.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૪ (૧૮/૨૮)  **૨.** ૧, ૪ (૩૦/૫૪-૫૫)  **૩.** ૧, ૩ (૧૪/૨૨)  **૪.** ૨, ૩ (૨૬/૪૫-૪૬)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. કાન વીંધનારાએ ડરીને ચીસ પાડી. (૬/૮-૯)

જ. કાન વીંધનારાએ સોય લઈને ઘનશ્યામ પાસે જઈને કાન પકડવા હાથ લાંબો કર્યો. ત્યાં તો ઘનશ્યામના આખા શરીરમાંથી તેજ નીકળવા માંડ્યું. કાન વીંધનારની આંખો તેજથી અંજાઈ ગઈ. જ્યાં જુએ ત્યાં તેજ દેખાય. કાન વીંધનારાએ ડરીને ચીસ પાડી

૨. રાજાએ ઘનશ્યામને ઘૂંટણીએ પડી સ્તુતિ કરી, ''હે ઘનશ્યામ ! હું કોઈ દિવસ હિંસા નહિ કરું.'' (૨૫/૪૩-૪૫)

જ. પોતાના તંબુમાં રાજા ગાય, બકરાં વગેરે પ્રાણીઓની હિંસા કરાવતો હતો. તે જોઈને ઘનશ્યામના સંકલ્પથી હાથીઓ તથા ઘોડાઓ ગાંડા થઈ તંબુ તરફ દોડવા લાગ્યા. રાજા પણ બચવા માટે ભાગીને પીપળાના ઝાડ પર ચડી ગયો. તો ઘનશ્યામે ઝાડમાં પ્રવેશ કરી આખું ઝાડ હલાવ્યું. રાજાએ ભગવાનને ખૂબ પ્રાર્થના કરી. ત્યારે ઘનશ્યામે ઝાડમાં રહી તેમને પ્રતિજ્ઞા કરવાનું કહ્યું. રાજાએ ઘનશ્યામને ઘૂંટણીએ પડી સ્તુતિ કરી, ''હે ઘનશ્યામ ! હું કોઈ દિવસ હિંસા નહિ કરું.''

૩. અયોધ્યામાં આવેલા મહાદેવના મંદિરમાં દર્શન કરવા ગયેલા ઘનશ્યામ ઉદાસ થઈ ગયા. (૪૧/૭૩)

જ. દેવીબક્ષ નામના કાયસ્થને શંકર ભગવાનની પ્રાર્થના કરીને ન માગવાની વસ્તુ માગતાં સાંભળ્યો. તેથી ઘનશ્યામ ઉદાસ થઈ ગયા.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, અઢારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**પ્રારંભ**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''યોગીજી મહારાજનું સન્માન એ સમગ્ર માનવજાતના ઉદ્ધારકનું સન્માન છે.'' (૩૦/૪૫)

➭ શ્રી હિતેન્દ્રભાઈ - (અમદાવાદની સભામાં) ટાગોર હોલ ખાતેની સભામાં

➭ યોગીજી મહારાજનું ધામધૂમથી અમદાવાદમાં સન્માન થયું પછી ટાગોર હોલ ખાતેની સભામાં યોગીજી મહારાજનું અભિવાદન કર્યું ત્યારે.

૨. ''નિયમ-ધર્મ પાળજો. યુવક મંડળમાં નિયમિત જજો.'' (૨૬/૩૮)

➭ યોગીજી મહારાજ - યુવકોને

➭ દર વર્ષે વેકેશનમાં મહિનો બે મહિના યુવકોને યોગીજી મહારાજ સાથે ફેરવતાં. યુવકો જ્યારે તેમનાથી છૂટા પડે ત્યારે કહે છે.

૩. ''મારા બદલે આ યોગીજી મહારાજને લઈ જાઓ. યોગીજી મહારાજમાં હું આવી ગયો.'' (૧૯/૨૭)

➭ શાસ્ત્રીજી મહારાજ - કુબેરભાઈને

➭ જળઝીલણીના સમૈયે આવેલા ભાવનગરના આગેવાન હરિભક્ત કુબેરભાઈએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કે 'દયાળું ! આપ ભાવનગર પધારો તો અમને સૌને સત્સંગનું સુખ મળે.' ત્યારે તેમની તબિયત નરમ હોવાથી સ્વામીશ્રી કહે છે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. જાગા ભક્તે યોગીજી મહારાજને સ્વપ્નમાં કયા બે ઉપદેશ આપ્યા ? (૯/૧૩)

જ. એક તો સત્શાસ્ત્રનું વ્યસન રાખવું, અને બીજું સારા સાધુનો સંગ રાખવો.

૨. યોગીજી મહારાજ રોજ કેટલા રોટલા ઘડતાં ? (૧૬/૨૨)

જ. યોગીજી મહારાજ રોજ ત્રણસો રોટલા ઘડતાં.

૩. કયો પ્રસંગ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સુર્વણ અક્ષરે લખાયેલો છે ? (૨૭/૩૯)

જ. સમગ્ર આધ્યાત્મિક ઈતિહાસમાં એક જ દિવસે ઉચ્ચ શિક્ષણ પામેલા એકાવન યુવાનોને સાધુદીક્ષા દેવાનો પ્રસંગ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સુર્વણ અક્ષરે લખાયેલો છે.

૪. યોગીજી મહારાજ બાળકો પાસે કઈ ધૂન બોલાવતા ? (૩૧/૪૭)

જ. 'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ; આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ' ધૂન બોલાવતા.

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : ઝીણાભાઈનો જન્મ (૧/૧-૨)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૧૧ | ૫ | ૭ | ૩ | ૧ | ૯ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૦** 'ગુરુભક્તિ' (૨૩/૩૩-૩૪) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

યોગીજી મહારાજ રોજ એક વખત જમે. દર ત્રીજે દિવસે નિર્જળા ઉપવાસ કરે ને ઉનાળાના તાપમાં ગામેગામ ફરતાં ને સેવા કરતા. આથી યોગીજી મહારાજને સારણગાંઠ થઈ હતી. સંવત ૧૯૯૩માં રાજકોટના ડૉ. એસ્પિનોલે યોગીજી મહારાજને ઓપરેશન કરાવવું પડશે તેમ જણાવ્યું. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી હીરજીભાઈએ રૂમ રખાવી યોગીજી મહારાજને દાખલ કર્યા. તે વખતે શાસ્ત્રીજી મહારાજ ગોંડળમાં દવા કરાવતા હતા. માગશર મહિનાની કડકડતી ઠંડીમાં વહેલી સવારે શાસ્ત્રીજી મહારાજ ગોંડલથી રાજકોટ આવ્યા ને ઓપરેશન થિયેટરમાં જતાં યોગીજી મહારાજની દૃષ્ટિ શાસ્ત્રીજી મહારાજ પર પડતાં જ સૂતાં સૂતાં પ્રણામ કર્યા. શાસ્ત્રીજી મહારાજે તેમને આશીર્વાદ આપ્યા. ડૉક્ટરે કુશળતાપૂર્વક ઓપરેશન પૂરું કર્યું. યોગીજી મહારાજની રૂમમાં ટેબલ પર હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવેલી નીચે હરિભક્તો બેસી ગયેલા. શાસ્ત્રીજી મહારાજ ખુરશીમાં બેસી માળા ફેરવતાં હતા. બે કલાકે ભાનમાં આવતાં જ યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને હાથ જોડ્યા અને પાસે બેઠેલા હરિભક્તને પૂછયું 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?' યોગીજી મહારાજની શાસ્ત્રીજી મહારાજ સાથેની એકતા ને ગુરુભક્તિ જોઈ આશ્ચર્યચકિત થયેલા ડૉ.એસ્પિનોલને થયું, આ યોગીપુરુષ બેભાન નહિ પણ દિવ્ય સમાધિમાં હોવા જોઈએ, તો જ જાગ્રત થતાં ગુરુજીને સંભારે. કારણ કે તે વખતે યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજની સેવામાં હતા અને રોજ તેમને દવા સાથે દૂધ પાતા હતા, તે અહીં સાંભરી આવ્યું. કેવી એકતા ! કેવી ગુરુભક્તિ !

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. વઢવાણના હરગોવિંદદાસ મહેતા યોગીજી મહારાજનાં ચરણોમાં નમી પડ્યા. (૧૪/૨૧)

જ. વિજ્ઞાનદાસ સ્વામીએ યોગીજી મહારાજને જમતા ઉઠાડી મૂક્યા તે જોઈ હરગોવિંદદાસે ખાનગીમાં યોગીજી મહારાજને પૂછ્યું: 'આટલું બધું કેમ સહન કરો છો ?' ત્યારે યોગીજી મહારાજે કહ્યું : 'ગુરુ ઠપકો આપે તે આપણા સારે માટે જ હોય. શિક્ષા વિના ખટકો ન રહે. શિક્ષાથી આપણી ભૂલ સુધરે.' આ સાંભળી હરગોવિંદભાઈ નાના સાધુનાં ચરણોમાં પડી ગયા.

૨. મોહનકાકાની વાત સાંભળી ઝીણાભાઈ રાજી રાજી થઈ ગયા. (૬/૭)

જ. ધારી મંદિરની સેવા કરતા મોહનકાકા વૃદ્ધ થવાથી વારંવારં માંદા પડી જતા. તેથી ઠાકોરજીની સેવા બરાબર થતી નહિ. તેમને થતું કે કોઈ સારો ભક્ત સેવા કરનારો મળે તો સારું. તેમની નજર ઝીણાભાઈ ઉપર પડી. તેમણે ઝીણાભાઈને સેવા કરવાનું પૂછ્યું. તેથી ઝીણાભાઈ રાજી રાજી થઈ ગયા.

૩. વડા અધિકારીએ ઝીણાભાઈને ઇનામ આપ્યું. (૩/૪)

જ. ઝીણાભાઈએ હેડમાસ્તરની જરાય બીક રાખ્યા વગર વડા અધિકારીને સાચી વાત કરી પછી બધાં બાળકોમાં હિંમત આવી અને બોલી ઊઠ્યા, ''હા સાહેબ ! હેડમાસ્તરે જ ચંદુને માર્યો છે.'' ઝીણાભાઈના કપાળમાં તિલકચાંદલો, મોંઢા પર નિર્દોષતા અને સચ્ચાઈ જોઈ તેમની વાત સાચી લાગતાં હેડમાસ્તરને બરતરફ કરી ઝીણાભાઈને સાચું કહેવા બદલ ઈનામ આપ્યું.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, અઢારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૨)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. શ્રીજીમહારાજે પોતાના આશ્રિતોને શા માટે શિક્ષાપત્રી આપી ? (૪/૭)

જ. પોતાના સત્સંગીઓ નિયમમાં રહી પોતાનું કલ્યાણ કરે તે માટે તેમણે 'શિક્ષાપત્રી' લખી.

૨. ગંગામા શ્રીજીમહારાજને શું કહી બોલાવતા ? (૭/૧૨)

જ. ગંગામા શ્રીજીમહારાજને 'ભત્રીજા, દીકરા' કહી બોલાવતા.

૩. શેરડીના વાઢમાં શ્રીજીમહારાજે મૂળજી ભક્તને દર્શન આપી શું કહ્યું ? (૧૫/૨૯)

જ. 'આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? આ જગતમાં બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે, હવે ચાલી નીકળો.'

૪. નાથ ભક્તનો દીકરો ધામમાં ગયો ત્યારે તેમણે શું કર્યું ? (૨૦/૪૫)

જ. નાથ ભક્તનો દીકરો ધામમાં ગયો ત્યારે તેમણે ગામમાં સાકર વહેંચી.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૩, ૪ (૪/૭) **૨.** ૧, ૩ (૧૯/૪૨, ૪૪) **૩.** ૩, ૪ (૩/૪) **૪.** ૨, ૪ (૨૨/૪૭-૪૮)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** જોધા ભરવાડ (૧૩/૨૩) **૨.** સાડા ચાર હજાર (૧૧/૨૦)

**૩.** કાલવાણી (૯/૧૫) **૪.** અખંડાનંદ (૮/૧૪)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. પ્રગટ હરિ ગુરુ દર્શન આપો, પ્રભુ તવ નામના જપીએ જાપો,
તવ મૂર્તિ નિત્ય હૃદયે ધારી....શ્રી હરિ૦
સદ્‌બુદ્ધિ સદ્‌ગુણ પ્રભુ આપો, અભય કર મુજ શિર પર સ્થાપો,
વિઘ્ન સકળને સદ્ય વિદારી.... શ્રી હરિ. (૩/૪)

૨. આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય મુક્તો લઈ,
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી.
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી,
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ. (૯/૧૭)

૩. મૂળ અક્ષર એ બ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ, જય જય ગુણાતીતાનંદ ... જય જય ૦
પુરુષોત્તમ પરબ્રહ્મ પરાત્પર, શ્રીહરિ સહજાનંદ, જય જય શ્રીહરિ સહજાનંદ, .... જય જય (૨૩/૫૦)

૪. સ્વસ્થાનં ગચ્છ દેવેશ ! પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામપ્રસિધ્યર્થં પુનરાગમનાય ચ ॥ (૫/૧૦)

**પ્ર.૧૬** ''કરોડ કામ બગાડીને .....'' (૧૬/૩૩) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**''કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો, કદાપિ કરોડ કામ સુધર્યાં અને એક મોક્ષ બગડ્યો તો તેમાં શું કર્યું?''**

એક નાના ગામમાં એક પટેલ રહેતા હતા. તે એક વખત મોટા શહેરમાં ખરીદી કરવા જતા હતા. પટલાણીએ ઘણી વસ્તુ લાવવાની કહી, ગામનાં લોકોએ પણ તેમની વસ્તુઓ લાવવાની કહી. પટેલને થયું કે બીજાની વસ્તુ પહેલાં લઈ લઉં પછી મારા ઘર માટે નિરાંતે લઈશ. પરંતુ તેઓ ઘરની વસ્તુઓ લેવાનું ભૂલી ગયા. અને ગામમાં પાછા આવ્યા ગામનાં લોકો તેમની વસ્તુઓ લેવા આવ્યા. બધી વસ્તુઓ આપી દીધા બાદ તેમનું ગાડું ખાલી થઈ ગયું હતું. આમ તેઓ પોતાની જ વસ્તુઓ ભૂલી ગયા ને ફોગટ ફેરો ખાધો. તેમ આપણે બીજા ઘણાં કામ કરીએ પણ ભજન કરી આપણું જ કલ્યાણ ન કરીએ તો મૂર્ખ કહેવાઈએ ને તેથી જ સ્વામી કહે છે કે કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારી લેવો કદાચ કરોડ કામ સુધર્યા ને મોક્ષ બગડ્યો, તો તે મૂર્ખાઈનું કામ થયું મોક્ષ સુધારવા ભગવાનનું નામ લેવું. ભગવાનનું ભજન કરીએ ને ભગવાનનાં ભક્ત થઈએ તો તે આપણી રક્ષા કરે છે.

**પ્ર.૧૭** 'વીર ભગુજી' (૧૦/૧૮-૨૦) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.**
**(સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. શ્રીજીમહારાજના અંગત સેવક ભગુજી દાદાખાચરના ખેતરોની સંભાળ રાખતા કોઈ કાઠી કે ગરાસિયો તેમની સામે લડવા તૈયાર ન થાય.
૨. ભડલીના ભાણખાચરે ભગુજીનું માથું લાવનારને જમીન અને ઈનામ આપવાનું જાહેર કરતાં ખબડ અને મતારો નામના બે ભાઈઓ હુમલો લઈને આવતા ભગુજીએ ખબડને મારી નાખ્યો, મતારો જીવ લઈને ભાગ્યો.
૩. ભગુજીને અઢાર ઘા વાગતા મહારાજે ગામમાં આરતી ઝાલરો, નગારાં બંધ કરાવી વાળંદ પાસે સારવાર કરાવતાં વાળંદે જમીનની લાલચમાં ઘામાં કબૂતરની ચરક નાખી, કોઈએ ઝાલર વગાડી જેથી ભગુજીને શૂરાતન ચડે ને ઉભા થાય તો ટાંકા તૂટી જાય અને મરી જાય.
૪. મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને તેમની પાસે બેસાડી કાળ આવે તો મારીને ભગાડવાની આજ્ઞા કરી.
૫. ભાવનગરના વજેસિંહ બાપુએ પોતાના સૈન્યમાં ભગુજી જોડાય તો મહિને રૂપિયા ત્રણસો ને પાંચસો ઘોડેસવારોની સરદારી આપવાની વાત કરી ત્યારે ભગુજીએ કહ્યું : 'મારે તો સ્વામિનારાયણ ભગવાન જોઈએ છે, બાકીનું જીવન તેમની સેવામાં જ પૂરું કરવું છે.'

❑ ❑ ❑